


# ખેડબ્રહ્મામાં વારંવાર ખોટવાતા એ.ટી.એમ. મશીન

ખેડબ્રહ્મા શહેરમાં એસ.બી.આઈ. બેન્કના ત્રણ એ.ટી.એમ. મશીન આવેલા છે. જેમાં એક મશીન સરદાર પટેલ રોડ બ્રાન્ચમાં, બીજુ એસ.ટી. ડેપોમાં અને ત્રીજી મશીન તાલુકા સેવા સદન પાસે હાઈવે પર મુકવામાં આવેલ છે. પરંતુ એસ.ટી. ડેપો અને તાલુકા સેવા સદનના મશીન વારંવાર બંધ થઈ જાય છે. જેને લઈ એક જ એ.ટી.એમ. મશીન પર લોડ પડે છે. અને ગ્રાહકોને પરેશાની અનુભવે છે. એસ.ટી.ડેપોમાં મોટા ભાગે આવતા યાત્રાળુઓ મશીનનો ઉપયોગ કરતા હોય છે, જ્યારે તાલુકા સેવા સદનમાં કામે આવતા લોકો હાઈવે સ્થિત મશીનનો ઉપયોગ કરતા હોય છે. પણ આ બન્ને મશીન વારંવાર ખોટવાઈ જતા હોય છે. જેથી લોકોને ભારે મુશ્કેલી પડે છે. તાલુકા સેવા સદન પાસેના એ.ટી.એમ. મશીન રૂમનો તો દરવાજો પણ તુટી ગયેલ છે. અને તેમાં કુતરા ડેરો જમાવી આરામ કરતા હોય છે. જેમાં સફાઈ પણ કરવામાં આવતી નથી. સ્ટેટ બેંકના અધિકારીને પુછતા તેમણે જણાવેલ કે એસ.ટી. ડેપો વાળા મશીનમાં સેન્સર બહુ નાજુક આવતા હોઈ તે બસોની ધ્રુજારીના કારણે બંધ થઈ જાય છે. અમો બીજી વ્યવસ્થા ગોઠવવાના છીએ. જ્યારે તાલુકા સેવા સદન વાળુ મશીન કોન્ટ્રાક્ટ પર આપેલ હોઈ તેની જવાબદારી કોન્ટ્રાક્ટરની છે. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# શિક્ષણ બોર્ડના ચેરમેન પદે એ. જે. શાહની વરણી કરાઈ

## શાહ હવે બોર્ડ ચેરમેન આર. આર. વરસાણીની જગ્યા લેશે

અમદાવાદ, તા.૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના નવા ચેરમેન પદે એ.જે. શાહની નિમણૂક કરવામાં આવી છે શાહ બોર્ડના ચેરમેન પદે આર.આર.વરસાણીની જગ્યા લેશે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનાં ચેરમેન તરીકે આર.આર.વરસાણીનો કાર્યકાળ ભારે વિવાદોથી ભરેલો રહ્યો છે તેમાંય તાજેતરમાં લેવામાં આવેલ ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા દરમિયાન વિવિધ છબરડાઓ અને આયોજનમાં ગેરવહીવટ સહીતનાં મુદ્દે આર.આર.વરસાણી સામે માછલા ધોવાઈ રહ્યા હતા. ત્યારે હવે તેમનાં સ્થાને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનાં નવા ચેરમેન પદે એ.જે. શાહની નિમણૂક કરવામાં આવી છે. એ.જે. શાહનો જન્મ ૧૨ ડીસેમ્બર ૧૯૫૬માં થયો હતો. તેઓ ગુજરાત ૧૯૯૯ બેચનાં કેડેટનાં આઈએએસ અધીકારી તરીકે ફરજ બજાવી રહ્યા છે. એ.જે.શાહ અગાઉ સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીમાં સંયુક્ત કમિશ્નર, અમદાવાદ જિલ્લા વિકાસ અધીકારી, સુરત અને કચ્છ જિલ્લા કલેક્ટર સહીતનાં સ્થળો ઉપર ફરજ બજાવી ચૂકયા છે આ ઉપરાંત પંચાયત અને ગ્રામ વિકાસ હેઠળની લાઈવલીહુડ પ્રમોશન કંપનીમાં મેનેજીંગ ડીરેક્ટર તરીકે પણ ફરજ બજાવી ચૂકયા છે.

# તલોદ માર્કેટયાર્ડમાં યુવા ઉમેદવાર વિજય રામીની જીતથી વેપારી આલમમાં આનંદની લાગણી

તલોદ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના વેપારી મથક તલોદ માર્કેટ યાર્ડની ચૂંટણીઓમાં આશ્ચર્યજનક પરિણામો આવ્યા છે. જેમાં વેપારી વિભાગમાં નવયુવા ઉમેદવાર વિજયકુમાર રામીની અણધારી જીતના કારણે નગરમાં ભારે ચર્ચા જગાવી છે. જો કે યુવા વેપારીના વિજયને કારણે સમગ્ર વેપારી આલમમાં આનંદનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.



તલોદ માર્કેટયાર્ડની ચૂંટણીમાં છેલ્લા ૧૬ વર્ષથી વધુ સમયથી ચુંટાતા ઉમેદવારો સહિત કેટલાક નવા ઉમેદવારો મળીને વેપારી વિભાગમાં કુલ ૧૨ હરિફો રેસમાં હતા. જેમાં માર્કેટયાર્ડમાં ૪૧ વર્ષથી વધુ જુની અશ્વિન ટ્રેડીંગ કુ. નામની પેઢી અને હવે વધુ એક વિજય એન્ટરપ્રાઈઝ નામની પેઢીના સભ્ય એવા યુવા અને બાહોશ વેપારીની છાપ ધરાવતા વિજયકુમાર રામીએ પણ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતુ. જેના કારણે વેપારી આલમમાં ભારે ઉત્તેજનાનો માહોલ છવાઈ ગયો હતો. અત્યંત રસાકસી ભરી આ ચૂંટણીમાં ચાર વેપારી પ્રતિનિધિ ચુંટવાના હતા તેમાં પહેલીવાર જ ઉમેદવારી નોંધાવનાર વિજય રામીએ દ્વિતિય સ્થાને જીત હાંસલ કરતા વેપારી વર્ગમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી. યુવા હોદ્દેદારોના સથવારે તલોદ માર્કેટયાર્ડ વિકાસના પંથે વધુ આગળ વધશે તેવા વિશ્વાસ સાથે વેપારીઓએ તેમના વિજયને ફટાકડા ફોડી વધાવી લીધો હતો.

વિજયકુમાર રામીને તમામ વેપારી મિત્રો, પરિવારજનો અને અંગત મિત્રોએ અભિનંદન સાથે શુભેચ્છાઓનો વરસાદ વરસાવ્યો હતો. ચૂંટણીમાં જીતેલા અન્ય ઉમેદવારોએ પણ તેમને સહર્ષ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

## મોડાસાના લીંભોઈ ગામે વીજતંત્રની બેદરકારીના લીધે

# ખેતરમાં ઉભા ઘઉં બળીને ખાખ


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૧

મોડાસાના લીંભોઈ ગામે પટેલ રસિકભાઈ વેણાભાઈએ પોતાના ખેતરમાં અંદાજે ૩ વીઘા જેવા ઘઉં કર્યા હતા. રવિવારે સાંજ સુમારે પોતાના ખેતર પર લચકતા અને ઢીલા તાર આવેલા હતા. જે તાર ભેગા થઈ જતા તણખલા ઝરતા ખેતમરાં ઉભા ઘઉંના પાકમાં પડતા ઉભા ઘઉં સળગવા માંડ્યા હતા.

ઘટનાની જાણ થતા લોકો ખેતરમાં દોડી આવ્યા હતા અને આગ બુઝાવવાના પ્રયત્નો કર્યા હતા. પરંતુ થોડીજવારમાં આગે રોદ્ર રૂપ ધારણ કરતા અંદાજે એક વીઘા જેટલો ઉભા ઘઉં બળીને ખાખ થઈ જતા ખેડૂતને ભારે નુકશાન થવા પામ્યુ હતુ. જેના લીધે ખેડૂતની હાલત દયનીય બની ગઈ હતી. ભારે જહેમત બાદ આગ કાબુમનાં આવી હતી. જયારે ઘટનાસ્થળે હાજર લોકોએ વીજતંત્રની ઢીલી અને આળસુ નીતિ સામે રોષ વ્યકત કર્યો હતો. ખેડૂતના જણાવ્યાનુસાર કે પોતે કઈ વાર ઢીલા તાર માટે વીજતંત્રમાં રજૂઆત કરી હતી. પરંતુ તંત્રની ઢીલી નીતિ અને આળસને કારણે આજે ખેતરમાં ઉભો પાક બળી જવા પામ્યો છે અને નુકસાની ભોગવવાનો વારો ખેડૂતને આવ્યો છે.

# સાબરમતીમાં બહુચર માતાજીનો મહાઉત્સવ

ગાંધીનગર, તા. ૧

આદ્યશક્તિ, જગત જનની જગદંબા-બહુચરની અનરાધાર કૃપા અને પ્રેરણાથી સાબરમતીમાં સૌ પ્રથમવાર શ્રી બહુચરમાની ભવ્ય પાલખી અને શોભાયાત્રાના મહાઉત્સવનું આયોજન શ્રી બહુચરમાતાના મંદિરે કરાયું છે. શોભાયાત્રા પછી આનંદનો ગરબો પણ ગવાશે. શ્રી બહુચરમાની ભવ્ય પાલખી અને શોભાયાત્રા ચૈત્ર વદ એકમ, રવિવારે તા. ૪-૫-૨૦૧૫ના દિવસે સવારે ૯.૩૦ વાગે બહુચરની આરતી સાથે, શ્રી બહુચરમાતાનું મંદિર, સત્યનારાયણ સોસાયટી, આમ્રકુંજ સોસાયટી પાસે, રામનગર, એચ.એચ. હાઈસ્કૂલ પાસે અને વોટર ટેન્કરથી આગળના ચાર રસ્તા, સાબરમતી, અમદાવાદથી વાજતે ગાજતે નીકળશે.

શ્રી બહુચરમાની ભવ્ય પાલખી અને શોભાયાત્રા - શ્રી બહુચરમાતાના મંદિરેથી નીકળી જવાહર ચોક, કબીર ચોક, કૈલાશમાતાના મંદિર, કોલેજ, કન્યાશાળા, અંબાજી માતા મંદિર, રામનગર ચોક, ખોડીયાર માતાનું મંદિર, મહાકાળી મંદિર, જોગણીમાતાનું મંદિર, શાકમાર્કેટ, ટોલનાકા થઈ, સત્યનારાયણ સોસાયટીમાં નિજ મંદિરે ૧૨.૩૦ કલાકે પાછી ફરશે. બપોરે ૨.૦૦ કલાકથી સાંજે ૫.૩૦ સુધી આનંદનો ગરબો ગવાશે.

# પાલનપુરના જયોતિષ શાસ્ત્રીને દુબઈમાં ગ્લોબલ ગોલ્ડન એવોર્ડ એનાયત

પાલનપુર, તા.૧

પાલનપુર ખાતે રહેતા અને હેમ. ઉત્તર ગુજરાત યુનિ. પાટણના




જયોતિષ વિભાગમાં માનદ અધ્યાપક તરીકે સેવા આપતા જયોતિષશાસ્ત્રી શૈલેષકુમાર જે. મહેતાનું દુબઈ ખાતે ઈન્ટરનેશનલ એસ્ટ્રો. ફાઉન્ડેશન તથા યમુના જયોતિષ સંસ્થાન, દુબઈ દ્વારા આયોજિત જયોતિષ સેમિનારમાં ગ્લોબલ ગોલ્ડન એવોર્ડ તથા સર્ટીફીકેટ ઓફ એકસલન્સથી સન્માન કરવામાં આવ્યું હતું. દુબઈમાં આયોજીત આ સેરટોન હોટલ દુબઈ ખાતે યોજાયેલ સેમિનારમાં નઝાન કવાદ અલ કુદસી, સી.ઈ. ઓફ અબુધાબીના અધ્યક્ષપણા હેઠળ ડૉ. શબ્બીર રોકડીયા, દુબઈના પ્રખ્યાત જયોતિષી અશોક ભાટીયા, તથા નોર્થ ટુર કંપની દુબઈના ડીરેકટરની ઉપસ્થિતિમાં ઈન્ટરનેશનલ એસ્ટ્રો. ફાઉન્ડેશન તરફથી આ એવોર્ડ તથા ઈન્ટરનેશનલ સેમિનારમાં જયોતિષ અને વસ્તુશાસ્ત્ર અંગે પોતાના જ્ઞાનનો પરિચય આપ્યો હતો. ફોરપોઈન્ટ સર્ટીફીકેટ આપવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ ધર્મશાલા અને જલંદર ખાતે યોજાયેલ નેશનલ કક્ષાના જયોતિષ સેમિનારમાં શૈલેષકુમાર મહેતાએ હાજરી આપી એવોર્ડ મેળવેલ છે. તથા જયોતિષ જ્ઞાન પિપાસુઓને તથા વિદ્યાર્થીઓને જયોતિષનું જ્ઞાન મળી રહે તે માટે વારંવાર તેમની સંસ્થા કાર્તિકેય જયોતિષ અનુસંધાન કેન્દ્ર, પાલનપુર દ્વારા જયોતિષ સેમિનારનું પણ આયોજન કરે છે.

## સે-૨૧ ગોવર્ધનનાથજી હવેલીમાં દર્શનમાં ફેરફાર

ગાંધીનગર, તા.૧

ચોથી માર્ચના રોજ ખગ્રાસ ચંદ્રગ્રહણ યોજાશે. ચંદ્રગ્રહણના કારણે મંદિરોમાં પ્રભુના દ્વાર બંધ રહેશે. મંદિરોમાં દર્શનના સમયમાં ફેરફારો જોવા મળશે. સે-૨૧ ગોવર્ધનનાથજી હવેલીમાં દર્શનનો સમય બદલાશે.

ખગ્રાસ ચંદ્રગ્રહણ આગામી ૪ એપ્રિલના રોજ યોજાશે. સે-૨૧ સ્થિત શ્રી ગોવર્ધનનાથજી હવેલીમાં દર્શનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મંદિરમાં પ્રભુની મંગળા આરતી ૭.૩૦ થી ૮ વાગે, શ્રૃંગાર ૯.૩૦ થી ૧૦, રાજભોગ ૧૧.૦૦થી ૧૧.૩૦, ઉત્થાપન ૨.૩૦ થી ૨.૩૫ અને સંધ્યા આરતી ૩ થી ૩.૩૦ વાગે થશે જયારે શયન આરતી ૮.૩૦ વાગે કરવામાં આવશે ત્યારે ખગ્રાસ ચંદ્રગ્રહણનો સ્પર્શ બપોરે ૩.૪૫ કલાકે, મધ્ય ૫.૩૦ કલાકે અને મોક્ષ સાંજે ૭.૧૫ કલાકે થશે.

## સે-૪ શનિ મંદિરે હનુમાન જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૧

સેકટર-૪-બી સ્થિત સંકટ મોચન હનુમાનજી અને શનિદેવ મંદિર ખાતે ૪ એપ્રિલના રોજ દર્શનના સમયમાં ચંદ્રગ્રહણ હોવાથી ફેરફાર કરવામાં આવ્યો છે. ૪થી એપ્રિલ હનુમાન જયંતિ દિવસે સવારે ૧૦-૦૦ વાગ્યાથી રાત્રિના ૮-૦૦ વાગ્યા દરમયિાન બંધ રહેશે.

તેમજ હનુમાન જયંતિ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. જેમાં સવારે ૬ થી ૯.૩૦ કલાક દરમિયાન મારૂતિ યજ્ઞ સવારે ૮-૦૦ વાગે ધ્વજા આરોહણ રાત્રે ૮-૦૦ વાગે સંધ્યા આરતી અને રાત્રે ૮.૩૦ કલાકે કેક અર્પણ વિધિ કરવામાં આવશે. આ ધાર્મિક કાર્યક્રમમાં શ્રધ્ધાળુ ભકતોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## વાવોલમાં આનંદનો ગરબો અને સુંદરકાંડ પાઠ

ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો ચત્ર સુદ પૂનમ તા. ૪ એપ્રિલ શનિવાર બપોરે ૩ થી ૬ કલાકે અને હનુમાન જયંતિ નિમિત્તે શ્રી કષ્ટભંજન દેવ સુંદરકાંડ સત્સંગ મંડળ વાવોલ દ્વારા સુંદરકાંડ પાઠ રાત્રે ૯ થી ૧૨ કલાક દરમિયાન કિર્તીધામ સોસાયટી વાવોલ ખાતે યોજાશે.

## શબ્દાવલી - ૫૬૮૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ■ |
| | ■ | ૫ | | | | ■ | ૬ |
| ૭ | ૮ | | ■ | | ■ | ૯ | |
| ■ | | ■ | ૧૦ | | | | ■ |
| ૧૧ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | ૧૪ |
| ■ | ૧૫ | | ■ | ■ | ૧૬ | | |
| ૧૭ | | ■ | ૧૮ | | | ■ | |
| | ■ | ૧૯ | | ■ | ૨૦ | | |

### આડી ચાવી

૧. સુગંધ, સુવાસ (૩)
૫. આશ્રમ (૩)
૫. ગળા સુધી ડૂબેલ (૪)
૭. એક જાતનું કાપડ (૪)
૯. હની, મધપૂડામાંથી... મળે (૨)
૧૦. કચરો વાળવાનું સાધન(૪)
૧૧. ધાબુ, ટેરેસ (૨)
૧૨. અનાજ સાફ કરવાની જગ્યા ખેતરમાં બનાવી હોય તે (૨)
૧૩. લીસ્ટ (યાદ રહે તે માટે બનાવાય તે) (૨)
૧૫. નપ, જડ, નાકનું ઘરેણું(૨)
૧૬. ફિકર, ચિંતા (૩)
૧૭. મેદાન, ઘરનું આંગણું (૨)
૧૮. કઠીન, અસહ્ય (૩)
૧૯. રહેવાનું સ્થળ, દેવસ્થાન(૨)
૨૦. ગોવાળીયો (૩)

### ઊભી ચાવી

૧. નક્કામો (૩)
૨. કિન્તુ, પરન્તુ (૩)
૩. જેમતેમ, રફેદફે (૫)
૪. મડદુ (૨)
૬. બલિદાન આપવા... કરવો (૨)
૮. ભૂલ થવી (૫)
૯. બંગડી બનાવનાર એ જાતનો માણસ (૪)
૧૦. પ્રતિષ્ઠા, આબરુ (૨)
૧૪. અગ્નિ પ્રગટાવવાની છેડે રસાયણવાળી સળી (૪)
૧૬. ફુલ માંની રજ... (૩)
૧૭. ચોરી કરે તે, ગઠીયો (૨)
૧૮. કેરી (હિન્દીમાં) (૨)

### શબ્દાવલી ૫૬૮૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) આહવાન (૪) નિશા (૬) દીવાદાંડી (૯) દક્ષ (૧૧) બડીફજર (૧૨) માખી (૧૪) યાર (૧૫) બિયારણ (૧૭) સચ (૧૮) મઠ (૧૯) માનાપમાન (૨૩) ગમ (૨૪) રીમાઇન્ડર

**ઊભી ચાવી :-** (૨) આઝાદ (૨) વાહી (૩) નવાબ (૫) શાવર (૭) દાંડીયા (૮) ડીફરન્સ (૧૦) ક્ષમાયાચના (૧૩) ખીર (૧૫) બિસમાર (૧૬) આઠમ (૧૮) મગર (૨૦) પર (૨૧) મામા (૨૨) નઇ

## વધુ ધિરાણ કરાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગરની વિશેષ બેઠક આજરોજ જિલ્લા કલેકટર શ્રી રવિશંકરના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. આ બેઠકમાં લીડ બેંક દેના બેંક દ્વારા વર્ષ ૨૦૧૫૧૬ માટેનો જિલ્લાનો કુલ ૨૫૪૫.૩૭ કરોડ રૂપિયાનું ઘિરાણ આપવાનો વાર્ષિક પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો. ગતૂ વર્ષ કરતા ચાલુ વર્ષે રજૂ થયેલ પ્લાન રૂપિયા ૨૮૭.૭૩ કરોડ વધુ છે.

બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે જણાવ્યું હતું કે, જિલ્લાના વિકાસ કામો માટે સુઆયોજન કરીને તૈયાર કરવામાં આવેલ વર્ષ ૨૦૧૫૧૬ પ્લાન ખૂબ જ ઉપયોગી થશે. તે ઉપરાંત પ્રધાનમંત્રી જન ઘન યોજનાને જિલ્લામાં સારો પ્રતિસાદ મળ્યો છે. આ યોજના થકી જિલ્લાના તમામ પરિવારો બેંકો સાથે જોડાયા છે. તેમજ કેન્દ્ર સરકાર અને રાજય સરકારની વિવિઘ સહાય યોજનાઓનો લાભ સાચા લાભાર્થીઓને તેમના ખાતામાં સીઘા ચુકવી શકાશે.

લીડ બેંક દ્વારા રજૂ કરવામાં આવેલ ક્રેડિટ પ્લાનમાં ૩૬ બેંકોની ૨૮૭ શાખાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્લાનનો સમાવેશ થાય છે, જેને નીચલા સ્તરથી તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્લાનમાં પ્રાથમિક ક્ષેત્રેના ઘીરાણમાં ખેતીવાડી ક્ષેત્રે ૮૦ ટકા, ઉઘોગ ક્ષેત્રે ૮ ટકા તથા અન્ય પ્રાથમિક ક્ષેત્રે ૧૨ ટકા પ્રમાણે હિસ્સો રહ્યોછે.

આ બેઠકમાં પ્રાથમિક ક્ષેત્રે રૂપિયા ૨૧૯૦.૦૧ કરોડ ઘિરાણ આપવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. જેમાં ખેતવાડી ક્ષેત્રે ૧૨૦૯.૮૩ કરોડ, ઉઘોગ ક્ષેત્રે ૨૨૯.૮૬ કરોડ તથા અન્ય પ્રાથમિક ક્ષેત્રે રૂપિયા ૭૫૦.૩૨ કરોડનો સમાવેશ થાય છે. જેના થકી ૧,૩૯,૩૭૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવશે. તેમજ ૧૩,૦૫૦ જેટલી મહિલાઓને રૂપિયા ૧૩૧.૬૪ કરોડનું ઘિરાણ આપવામાં આવશે.

લીડ બેંક દેના બેંક દ્વારા રજૂ કરવામાં આવેલ વર્ષ ૨૦૧૫૧૬ માટેના વાર્ષિક પ્લાનમાં પ્રાથમિક ક્ષેત્રના પ્લાનમાં ગાંધીનગર તાલુકામાં રૂપિયા ૧૦૪૧.૭૭ કરોડ, દહેગામ તાલુકામાં રૂપિયા ૩૫૦.૨૬ કરોડ, માણસા તાલુકામાં રૂપિયા ૨૯૧.૭૧ કરોડ અને કલોલ તાલુકામાં ૫૦૬.૨૭ કરોડ આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.એમ. ભીમજીયાણી, દેના બેંકના રિજીનીયોલ મેનેજર શ્રી ઘનંજયકુમાર, એસ. બી. આઈ બેંકના ક્ષેત્રીય પ્રબંઘક સુશ્રી કુહુ ગાંગુલી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જયશ્રીબેન દેવાંગન, જિલ્લા આયોજન અઘિકારી શ્રી ડી.આર. દવે સહિત વિવિઘ બેંકોના અધિકારીશ્રીઓ ઉપસથિત રહ્યાં હતાં.

## વીજદર વધ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સામે આયોગે રૂ. ૫૩૧.૯૪ કરોડની ઘટ મંજૂર કરેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ માટે મંજૂર કરાયેલી વાર્ષિક મહેસૂલી જરૂરીયાત અને આવકના અંદાજ પરથી નક્કી થયેલ સરપ્લસને એડજસ્ટ કર્યા બાદ ટીપીએલ દ્વારા રૂ. ૫૬૬.૯૮ કરોડની ઘટ અંદાજવામાં આવેલ છે. જેની સામે આયોગે વર્ષ ૨૦૧૫-૧૬ ની સંયુક્ત ઘટ રૂ. ૨૫૬.૯૭ કરોડ અંદાજેલ છે. ટોરેન્ટ પાવર લી. દ્વારા તેમના અમદાવાદ અને સુરત વિસ્તાર માટે રૂ. ૫૬૬.૯૮ કરોડની ઘટને સરભર કરવા એકંદરે ૫૩ પૈસા/યુનિટનો વિજ દર વધારો માંગવામાં આવેલ. આની સામે આયોગે તમામ વિજ વપરાશ કેટેગરીમાં એકંદરે ૧૫ પૈસા/યુનવિટનો વિજ દર વધારવાનું નક્કી કરેલ છે. બી.પી.એલ. (ગરીબી રેકા હેઠળના) ગ્રાહકો, ખેતીવાડી ગ્રાહકો અને પ્રતિમાસ ૨૦૦ યુનિટનો વિજ વપરાશ કરતા રહેણાંક હેતુ માટેના ગ્રાહકોના વિજદરોમાં કોઈપણ વધારો કરવામાં આવેલ નથી. સીંગલ ફેઝ રહેણાંક હેતુ માટેના ગ્રાહકોના ફીક્સ્ડ ચાર્જમાં કોઈ વધારો કરવામાં આવેલ નથી. થ્રી ફેઝ રહેણાંક હેતુ માટેના ગ્રાહકોના ફિકસ્ડ ચાર્જમાં રૂ. ૫ પ્રતિ જોડાણ પ્રતિમાસનો સામાન્ય વધારો કરવામાં આવેલ છે. સદર વધારાથી ટોરેન્ટ પાવર લી.ને ૧૫૯.૭૫ કરોડની વધારાની આવક થવાનો અંદાજ મુકવામાં આવેલ છે. આયોગ દ્વારા ટોરેન્ટ પાવર લી.ને બાકીની ૯૭.૨૩ કરોડની ઘટને પહોંચી વળવા કામગીરીની કાર્યદક્ષતામાં સુધારો કરવા માટે સૂચિત કરેલ છે. ટેરીફમાં સદર વધારો ૨.૩૬ ટકાનો છે.

## સેક્ટર-૨ બાલાહનુમાન મંદિરે સુંદરકાંડ અને મારૂતિ યજ્ઞ

હનુમાન જયંતિ નિમિત્તે સેક્ટર-૨-સ્થિત બાલા હનુમાનજી મંદિરે મારૂતિયજ્ઞ અને સુંદરકાંડ પાઠ યોજાશે. તા. ૪ એપ્રિલ શનિવાર સવારે ૯.૦૦ વાગે મારૂતિ યજ્ઞનો પ્રારંભ થશે. તેમજ સાંજે ૬.૦૦ વાગે કાન્તિભાઈ યોગીના સ્વરે સુંદરકાંડ પાઠ કરવામાં આવશે. ગાંધીનગરના ઈતિહાસમાં પહેલીવાર પોલીસ બેન્ડ દ્વારા હનુમાન ચાલીસા પાઠ અને હનુમાનજીની મહાઆરતી રાત્રે ૮.૦૦ વાગે કરવામાં આવશે.

## ગુડા વિસ્તારમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકાસ સંબધી થયેલા કામો તથા આગામી સમયે કરવાના થતા કામો બાબતે પરામર્શ કરવા નવીન પહેલ કરી આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હીનાબેન પટેલ-પ્રમુખ જિલ્લા પંચાયત, હિતેન્દ્રભાઈ પટેલ-જિલ્લા ભાજપ મહામંત્રી, કાળુસિંહ રાઠોડ-પ્રમુખ તાલુકા પંચાયત, ઘનશ્યામભાઈ પટેલ-કારોબારી ચેરમેન, તાલુકા પંચાયત, શૈલેષભાઈ પટેલ-પ્રમુખ તાલુકા પંચાયત, આઈ.બી.વાઘેલા-જિલ્લા ભાજપ મહામંત્રી અતુલભાઈ પટેલ-જિલ્લા મંત્રી તથા સંગઠન પર્વ ઈન્ચાર્જ જશુભાઈ પટેલ-તાલુકા ભાજપ મહામંત્રી તથા સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોના સરપંચો, તાલુકા પંચાયતના સદસ્યો તથા જિલ્લા ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં સત્તામંડળ વિસ્તારની અલગ અલગ નગર રચના યોજનાઓમાં રોડ રસ્તાના આયોજન બાબતે, ગટર લાઈન, પીવાના પાણીની લાઈન, બાગ બચીના તેમજ તળાવના કામો સહિતના વિકાસના કામોની સમીક્ષા કરીને સૂચનો મેળવવામાં આવ્યા હતા.

ટચૂકડી જાહેર ખબર
વેચવાનું છે
૨૨"નો બીપીએલ કલર ટીવી તથા સીમ્ફની સુમો કુલર રનીંગ કન્ડીશનમાં
મો. : ૯૯૭૮૪૪૨૧૬૪
સાંજે ૫ થી ૭

# મોડાસા (લાટીવાળા) ડી.એલ.એડ. કોલેજનો દીક્ષાન્ત સમારોહ યોજાયો



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

મોડાસા, તા.૧

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ મોડાસા સંચાલિત એમ.કે. શાહ (લાટીવાળા) ડી.એલ.એડ. કોલેજનો તેરમો દિક્ષાન્ત સમારોહ મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. પ્રશિક્ષણાર્થીવૃંદ દ્વારા પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત થઈ મંચ પર બિરાજમાન સૌ મહેમાનોનુંસ્વાગત અને પરિચય કોલેજના આચાર્ય ડૉ.સંતોષ દેવકરે કર્યુંહતું. આમંત્રણને માન આપી પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ અને પુસ્તકથી સ્વાગત કરવામાં આવ્યું. સમારંભના ઉદઘાટક શ્રીમતી ચંદ્રીકાબેન ભાભોરે દીપ પ્રગટાવી કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો. કોલેજ પ્રવૃત્તિ અહેવાલ (એલ.સી.ડી.) દ્વારા પ્રા. રાજેશ પરમારે રજુ કર્યો હતો. હૃદય બોલે છેમાં બે વર્ષના અનુભવોનો રસાસ્વાદ પટેલ ક્રિશ્નાબેને કરાવ્યો હતો.

પ્રમુખ નવીનચંદ્ર આર. મોદીએ આશીર્વચન આપતા જણાવ્યું કે બીજા વર્ષના પ્રશિક્ષણાર્થીઓ વિદાય લઈ રહ્યા છે ત્યારે આગળના અભ્યાસક્રમમાં મંડળ સંચાલિત ભગીની સંસ્થાઓની લાયબ્રેરીનો મહત્તમ ઉપયોગ કરો. દરેક ફિલ્ડ ક્ષેત્રે કમ્પ્યુટરનું જ્ઞાન અનિવાર્ય છે. માટે કમ્પ્યૂટર શિક્ષણ ઉપર ભાર મૂકયો હતો. પી.સી.એસ.એસ. કેરીયર એકેડેમી દ્વારા ચાલતા કલાસીસમાં ટેટ, ટાટ, એચ.ટાટ, જીપીએસસી, પીએસઆઈ, એએસઆઈ પોલીસ કોન્સ્ટેબલ, વર્ગોનો લાભ લઈ જ્ઞાનમાં વધારો કરો. આ પ્રસંગે પ્રશિક્ષણાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. તેજસ્વી તારલાઓને પુરસ્કાર આપી સન્માનીત કરાયા હતા. સમારોહમાં ડૉ. સંજય ડી. વેદીયા અને કોલેજમાં પ્રથમ નંબર મેળવનાર પ્રશિક્ષણાર્થી પટેલ કાજલબેન કિરીટભાઈ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન પ્રા. વૃજેશ પંડયા અને મુકુન્દ શાહે કર્યુંહતું.

ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન નંબર : ૦૭૯-૨૩૨૨૦૪૪૦, ફેક્સ નંબર : ૦૭૯-૨૩૨૨૧૪૧૯

વર્ષ : ૨૦૧૫-૧૬ના એડવાન્સ મિલકત વેરા ભરવા પર ૧૦% વળતર યોજના

જે કરદાતાઓએ સને ૨૦૧૪-૧૫ સુધીનો સંપૂર્ણ ટેક્ષ એજ્યુ.સેસ/સફાઈ વેરો/વ્યાજ વગેરે ભરેલ હોય અને માંગણુંશુન્ય કરાવેલ હોય અને ૨૦૧૫-૧૬માં લેવાનો થતો નવા વર્ષનો મિલકતવેરો એડવાન્સમાં ભરવા માગતા હોય તેમને તા. ૧/૪/૨૦૧૫ થી ૩૧/૫/૨૦૧૫ સુધીમાં મિલકતવેરાની મૂળ રકમ ઉપર ૧૦% વળતર આપવામાં આવશે.
નોંધ : 'મિલકત ધરાવતા તમામ પ્રકારના કરદાતાઓ માટે આ યોજના લાગી પડશે'
● અગાઉના વર્ષનું ટેક્ષ બીલ અથવા ભરેલ નાણાંની પહોંચ સાથે લાવવી જરૂરી છે.
● આ યોજના તા. ૧/૪/૨૦૧૫ થી ૩૧/૫/૨૦૧૫ સુધી જ માન્ય ગણવામાં આવશે.
● વળતરની મુદત પૂરી થયા પછી ચાલુ વર્ષ ૨૦૧૫-૧૬ના બીલો ઈશ્યુ કરવામાં આવશે.
તા. : ૩૧/૩/૨૦૧૫
ગાંધીનગર
સહી/-
(જી.આર. ચૌધરી, I.A.S.)
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા
માહિતી/૨/૨૦૧૫-૧૬